**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,**
**ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત**

**પબ્લીક નોટીસ**

**વિષય: 'ચોથા નિયંત્રણ સમયગાળા માટે બહુવર્ષિય પ્રશુલ્ક વિનિયમો' અંગેનું ચર્ચા પત્ર.**

વિજળી અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો) અને ૨૦૦૩ ના ગુજરાત વિજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ-૨૪) અન્વયે આપવામાં આવેલી સત્તાની રૂએ અને તે માટે સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ૧લી એપ્રિલ, ૨૦૨૪થી શરૂ થતા ચોથા નિયંત્રણ સમયગાળા માટેના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરાયેલ છે.

ચોથા નિયંત્રણ સમયગાળા માટે બહુવર્ષિય પ્રશુલ્ક વિનિયમો' અંગેનું ચર્ચા પત્ર તૈયાર કરી આયોગની વેબસાઇટ www.gerc.org ઉપર રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો/ટિપ્પણીઓ/અભિપ્રાય મેળવવા હેતુસર મુકવામાં આવેલ છે.

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતે રસ ધરાવનાર વ્યક્તિઓ એ પોતાના સૂચનો/ટિપ્પણીઓ/અભિપ્રાય આનુષાંગિક દસ્તાવેજ(જો હોય તો) ની સાથે તા. ૨૬/૦૭/૨૦૨૩ સુધીમાં efiling@gercin.org પર ઇ-મેઇલ કરીને અથવા સચિવ શ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ પર મોકલી આપશો.

વધુમાં, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે ચર્ચા પત્રમાં રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ અને સૂચનો આયોગ તેના અધ્યક્ષ અથવા વ્યક્તિગત સભ્યોના મંતવ્યો રજૂ કરતા નથી અને તે આયોગ માટે બંધનકર્તા નથી. બહુવર્ષિય પ્રશુલ્ક નિર્ધારણ પ્રક્રિયાના વિવિધ પાસાઓ પર ચર્ચા શરૂ કરવા અને આ સંદર્ભે રસ ધરાવનાર વ્યક્તિઓના સૂચનો તથા ટિપ્પણીઓ મેળવવાના ઉદ્દેશ્ય સાથે ચર્ચાપત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

ગાંધીનગર — **- સહિ -**

તા. ૦૪/૦૭/૨૦૨૩ — **સચિવ, જીઈઆરસી**